# મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા તથા જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી, ગોધરા આયોજીત મહિલા ખેડૂત દિવસ

તારીખ ૦૬/૦૮/૨૦૧૬ ના રોજ ખેડૂત તાલીમ કેન્દ્ર,ગોધરા ખાતે મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર તથા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી ની કચેરી, ગોધરા દ્વારા મહિલા ખેડૂત દિવસ ઉજવવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રીઓ પ્રો. કે.એચ.પટેલ, ડાં. બી.એન.ઠક્કર તથા ડાં. પી.કે.પરમારે હાજર રહી મકાઇની વૈજ્ઞાનિક ખેતી અંગેની માર્ગદર્શન આપેલ હતું. વધુમાં મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર દ્વારા ભલામણ કરવામાં આવેલી વિશેષતા યુકત જાતો સ્વીટકોર્ન, પોપકોર્ન અને બેબીકોર્નની ખેતી ટૂંકાગાળામાં કરી વધુ આવક મેળવવા માટે પ્રો. કે.એચ.પટેલે ખાસ ભાર મૂકેલ હતો.

આ પ્રસંગે જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી વાળંદ સાહેબે પ્રાસંગિક પ્રવચન કરેલ હતું. કાર્યક્રમનું ઉદ્દઘાટન જિલ્લા પ્રમુખ શ્રીમતી કેતુબેન દેસાઇ તથા ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથારે કરેલ હતું. આ કાર્યક્રમમાં અંદાજીત ૨૦૦ જેટલી મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.



